અલ્લાહ એ કેમ માનવીઓ પાસે માનવીને જ પયગંબર બનાવીને મોકલ્યો, ફરિશ્તાને કેમ નહી?

માનવી પાસે માનવીને જ મોકલવા વધુ યોગ્ય હતું કારણ કે તેમની ભાષામાં વાત કરતો અને તેમના માટે એક આદર્શ તરીકે હોતો, અને જો અલ્લાહ તેમના માટે એક ફરિશ્તાને પયગંબર બનાવીને મોકલતો તો તે તે કાર્યો કરતો જે તેમના માટે અશક્ય હોત, અને તેઓ દલીલ આપતા કે આ ફરિશ્તો છે અને જે તે કરી શકે છે એ અમેં નથી કરી શકતા.

'તમે તેમને કહી દો કે જો ધરતી પર ફરિશ્તાઓ હરતા-ફરતા, અને રહેતા હોત તો અમે પણ તેમની પાસે કોઈ આકાશના ફરિશ્તાને જ પયગંબર બનાવી મોકલતા" [૧૭૪]. (અલ્ ઇસ્રા: ૯૫).

" અને જો અમે (પયગંબર) તરીકે ફરિશ્તાને ઉતારતા, તો અમે તેને માણસ જ બનાવતા અને અમે તેમને તે જ શંકામાં નાખી દેતા, જે શંકા તેઓ અત્યારે કરી રહ્યા છે" [૧૭૫]. (અલ્ અન્આમ: ૯).

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ
Source: https://www.mawthuq.net/demo/qa/gu/show/68/
Arabic Source: https://www.mawthuq.net/demo/qa/ar/show/68/
Sunday 1st of November 2026 01:33:01 PM